
વાર્તાવલિ. વર્ગ ત્રીજો. અંક ૧ લો.

મહારાજા કનકકાન્ત.



“ અહા ! મેં શું કર્યું ! ” —(પૃષ્ઠ ૨૮.)

પ્રકાશક.

મૂલ્ય એક આનો. વી. હ. મહેતા.

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराइट विभाग]
अनुक्रमांक ૫૫૭૩ वर्गांक
पुस्तकनुं नाम [illegible]
विषय ८१३६ : २

All rights reserved.

આ પુસ્તક ના. સરકારના કેળવણી ખાતા તરફથી ઇનામ ને લાયબ્રેરી માટે મંજુર થયું છે, તેમ વડોદરા, ભાવનગર, અને જુનાગઢનાં કેળવણી ખાતાં તરફથી પણ મંજુર થયું છે.

મહારાજા કનકકાન્ત.

અનુવાદક અને પ્રકાશક,

વીરબલ હરીસુખરામ્ મહેતા.

એસ. ટી. સી; એફ. ટી. એસ.

બાલસાહિત્ય પ્રકાશ મંદિર,

સિટિ પોસ્ટ ઑફિસ પાસે

વડોદરા.

દ્વિતીયાવૃત્તિ.

સં. ૧૯૭૧. ઈ. સ. ૧૯૧૫.

મૂલ્ય આનો એક.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અ... ...બાદ
ગુજરા... ...રાઈટ-સંગ્રહ

પ્રસ્તાવના.

નાની નાની વાર્તાઓ દ્વારા બાલહૃદય પર સદ્‌ગુણની છાપ પાડવા અને તેમનામાં વાંચનવિલાસ જાગૃત કરવા આ "બાલવાર્તાવલિ"ની પ્રવૃત્તિ છે. બાલ્યાવસ્થામાં હૃદયપર પડેલી છાપો ભુસાતી નથી અને વાર્તાઓ આવી છાપ પાડવાનું સુંદર સાધન છે એનો તો સર્વ કોઈ સ્વીકાર કરશે. અંગ્રેજી સાહિત્યમાં બાલકોને માટે ખાસ સાહિત્ય છે. તેમાં બાળકોને આનંદ આપે એવાં સેંકડો પુસ્તકો લખાયછે તેમજ ઘણાં માસિકો પણ પ્રકટેછે, પરંતુ આપણા સંકુચિત સાહિત્યમાં બાલકો માટેનું સાહિત્ય ઘણું ઓછું છે; લગભગ નથી એમ કહીએ તો ચાલે.

આ એક મોટી ખોટ છે. એ ખોટ પુરી પાડવાનો આ એક અલ્પ પ્રયાસ છે. સરકારી અને દેશી કેળવણીખાતાંઓ અને વિદ્વાન સદ્‌ગૃહસ્થો એને ઘણી રીતે આશ્રય આપી શકે એમ છે; અને આશા છે કે આશ્રયને અભાવે પડી ભાગતી અનેક ઉપયોગી યોજનાઓમાંની એક તરીકે ગણાવાનો વખત આ યોજનાને નહિ આવે.

સુપ્રતિષ્ઠિત સાક્ષરોએ આ વાર્તામાળા માટે વાર્તાઓ લખવા કબુલ્યું છે. તેમને હાથે લખાતી વાર્તાઓ બોધક અને રસિક થશે એ નિઃસંશય છે.

બાલસાહિત્ય પ્રકાશ મંદિર, } **વી. હ. મહેતા.**
શાંતિસદન, ગોપીપુરા-**સુરત.** } **પ્રકાશક.**

દ્વિતીયાવૃત્તિની પ્રસ્તાવના.

ગુર્જર બાળકોની સેવામાં મહારાજા કનકકાન્તની દ્વિતીય આવૃત્તિ મુકતાં આનંદ થાય છે. એનો જ્યાંજ્યાં સત્કાર થયો છે ત્યાં ત્યાંના અધિકારીવર્ગનો પ્રકાશક ઉપર મોટો ઉપકાર થયો છે. આ દ્વિતીય આવૃત્તિ તેમના ઉત્તેજન વિના આટલી વહેલી પ્રકટ કરવાનો સમય આવત નહિ.

બાલસાહિત્ય પ્રકાશ મંદિર } **વી. હ. મહેતા.**
વડોદરા—તા૦ ૨૦—૮—૧૫ }

મહારાજા કનકકાન્ત.

પ્રકરણ—૧ લું.

કંજુસ રાજા કનકકાન્ત.

પૂર્વે ઘણો રિદ્ધિસિદ્ધિવાળો એક રાજા થઈ ગયો છે; તેનું નામ કનકકાન્ત હતું. તેને નાની સરખી એક છોકરી હતી. એ છોકરી વિષે મારા સિવાય કોઈ બીજાના સાંભળવામાં કશુંએ આવ્યું નથી. તેનું નામ કાંતો મેં જાણ્યુંજ નથી, અથવા જો તે જાણ્યું હશે, તો તે યાદ નથી. વળી નાની છોકરીઓને વિચિત્ર નામો આપવામાં મને કંઈ ઓરજ આનંદ થાય છે, તેથી હું તેને સુવર્ણસુતાને નામે ઓળખાવીશ.

આપણા રાજા કનકકાન્તને સોનું જેટલું વહાલું હતું, તેટલું બીજું કાંઈ પણ વહાલું ન હતું. તેના રાજ્યમુકુટને પણ તે કિંમતી ગણતો હતો, તેનું કારણ એજ કે તે સોનાનો હતો. સુવર્ણના કરતાં કંઈક

વિશેષ, તેના જેટલું કે તેથી અર્ધું પણ જો કાંઈ તેને વહાલું હતું તો તે આ આપણી નાની કુમારિકાજ હતી. તે હમેશાં તેના પિતાને પગ મૂકવાના ત્રિપાયા સાથે આનંદમાં ગેલ કર્યાં કરતી. જેમ જેમ રાજા કનકકાન્તનો પોતાની પુત્રી પ્રતિનો પ્રેમ વધતો ગયો, તેમ તેમ વધારે ને વધારે દ્રવ્ય સંપાદન કરવાની જીજ્ઞાસા અને આતુરતા પણ વધતાં ગયાં. ગરીબ બિચારો કનકકાન્ત એમજ ધારતો હતો, કે દુનિયામાં કોઈ પણ જગોએ હજુ સુધી એકઠો થયો ન હોય એવો ચળકતા સોનાનો એક ઢગલો પોતાની પુત્રીને વારસામાં આપી જવા કરતાં બીજું કાંઈ વધારે આનંદદાઈ નથી. તેથી તે હમેશાં આ એકજ વિચારમાં પોતાનો વખત ગાળતો.

જેઓ ડાહ્યા થવાનો સતત પ્રયત્ન કરતા નથી, તેઓ દહાડે દહાડે વધારે બેવકુફ બનેછે. આખરે તેવીજ રીતે આપણા રાજાને થયું. તે એવા તો વિચિત્ર સ્વભાવનો થઈ ગયો, કે સુવર્ણ સિવાય અન્ય પદાર્થની વસ્તુઓને અડકવું, કે તેના તરફ જોવું, એ તેને કંટાળા ભરેલું લાગતું. પરિણામ એ આવ્યું કે કનકકાન્ત પોતાના મહેલને ભોંય તળીએ એક અંધારા અને

એકાંત ભોંયરામાં દિવસનો ઘણોખરો ભાગ ગાળતો. આજ જગાએ તે પોતાનો પૈસોટકો વગેરે રાખતો.

તે જગા કોઈ અરણ્યમાં આવેલી ઉંડી, અંધારી ભયંકર ગુફા જેવી હતી; તોપણ જ્યારે કનકકાન્તને ખુબ આનંદ મેળવવાનું મન થતું, ત્યારે તે ત્યાં જતો. બારણું બરાબર ચોકસાઈથી બંધ કરીને, પછી તે ત્યાં નિરાંતે બેસતો અને સોનાના સિક્કાઓની કોથળીઓ લઈ પોતાની પુંજી ગણતો. કોઈવાર સોનાનું પવાલું અથવા તો સોનાની રજકણથી ભરેલું કોઈ વાસણ લઈ, એક નાના બાકાંમાંથી કાંઈ સહેજ સૂર્યનો પ્રકાશ આવતો હતો, ત્યાં તેને ધરી, તેના પ્રકાશવડે વસ્તુઓને ચળકતી જોઈ મનમાં ખુશ ખુશ થતો; અને તેના સામું જોઈ રહેતો. આ સૂર્યનું કિરણ જો તેની દોલતને પોતાના પ્રકાશથી ચળકાવતું ન હોત તો તે તેને પ્રિય લાગત કે નહિ એ મોટી શંકાની વાત છે.

ઘડીમાં સોનાના સિક્કાઓને કોથળીમાંથી કાઢીને ગણતો, તો ઘડીમાં સોનાના સળીઆઓ ઉંચા ફેંકી, તેને નીચે પડતા પહેલાં ઝીલી લેતો. વળી ઘડીમાં સોનાની રજકણો હાથમાં લઈ, આંગળીઓના વચગા-

ળામાંથી તે નીચે ખરતી જોઈ રહેતો. કોઈ વખત ચળકતા સોનાની સપાટીપર પોતાનું પ્રતિબિંબ પડતું તે જોઈ રહેતો, અને મનમાં મગ્ન થઈ વિચાર કરતો કે "અહો! કનકકાન્ત તું કેવો ભાગ્યશાળી છે!! તું કેવો સુખી છે!!" પરંતુ તે પ્રસંગે ચળકતા લીસા પવાલામાં પડતું તેનુ પ્રતિબિંબ તેના કેવા ચાળા પાડતું, તેનું વર્ણન કરવા કરતાં અનુમાન કરવું એજ વધારે સુગમ છે. એ પ્રતિબિંબ જાણે તેની મુર્ખાઈ સમજતું ન હોય, અને તેની મશ્કરી કરવામાં આનંદ માનતું ન હોય એમ લાગતું.

આ પ્રમાણે જો કે રાજા કનકકાન્ત પોતાને સુખી કહેતો, તોપણ તે ખરેખર પોતાને સર્વ વાતે સુખી ગણતો ન હતો. જેવો જોઈએ તેવો પોતે સુખી ન હતો, એવું કાંઈક ભાન તેને હમેશાં થયાં કરતું. તેના વિચારવા મુજબ જ્યારે આખી દુનીઆ તેના દ્રવ્યનો ભંડાર થઈ રહે, અને સર્વત્ર પોતાની માલકીનું સુવર્ણ ચળકી રહે, ત્યારેજ આનંદ ને સુખની પરિસીમા આવેલી ગણાય!

પ્રકરણ—૨ જું.

લક્ષ્મીદેવીનાં દર્શન.

એક દિવસ સાંજે રાજા કનકકાન્ત પેલા અંધારા ભોંયરામાં બેઠો બેઠો, પોતાની સંપત્તિના વિચારોમાં ગર્ક થઈ ગયો હતો. પોતાનો સંચય કેમ વૃદ્ધિ પામે, અને ક્યારે સમસ્ત જગતના સોનાનો પોતે સ્વામી થાય, એ વિચારમાં કાળની ગતિનું ભાન પણ તે ભૂલી ગયો હતો. સાંજનો સમય થવા આવ્યો હતો, અને ઉનાળાનો ઉગ્ર રવિ તેના અસહ્ય તાપે અકળાએલા લોકોના શ્રાપ વડે પશ્ચિમમાં સ્થાનભ્રષ્ટ જણાતો હતો; પરંતુ તેનું એક કિરણ રાજા કનકકાન્તના ભોંયરામાં હજુ પડતુ હતું, અને તેને પ્રિય સુવર્ણની પાતળી દોરી જેવું જણાતું હતું. રાજા કનકકાન્તની દૃષ્ટિ એકદમ એ કિરણ ઉપર પડી અને તે ચમક્યો ! પળ બે પળ તો તે સમજ્યો પણ નહિ કે આ સ્વપ્ન છે કે જાગૃત !

જ્યાંથી એ કિરણ પ્રવેશ કરતું હતું ત્યાં આગળ તેણે સાક્ષાત લક્ષ્મીદેવીનાં દર્શન કર્યાં. પ્રાતઃકાળના બાલસૂર્યના કોમળ કિરણોમાં પ્રકાશી રહેલા, નિર્દોષ

કુમારિકાના લજ્જાથી છવાએલા ગાલ જેવા ગુલાબી મૃદુ વર્ણની સાડી, અને વસંત ઋતુના સ્વચ્છ નિર્મળ આકાશના એકાદ રેજાની બનાવેલી ન હોય એવી રમ્ય આસમાની ડગલીમાં સજ્જ થએલી દેવી કાંઈ દિવ્ય પ્રભા પ્રસારતી હતી. તેના મુખ ઉપર જે દિવ્ય તેજ ઝળકી રહ્યું હતું તે ઉપરથી રાજા કનકકાન્તે જાણ્યું કે આ કોઈ દેવીજ હોવી જોઈએ. એમ વિચારી તરતજ તેણે મસ્તક નમાવી નમસ્કાર કર્યા.

વળી કનકકાન્તને ખાતરીજ હતી કે બારણું બરાબર બંધ કરીને કળ ચોક્કસ દીધી હતી, તેથી આ ઓરડામાં કોઈ પણ મનુષ્યની પ્રવેશ કરવાની સત્તા ન હતી, માટે આવનાર દૈવીજનજ હોવું જોઈએ.

દેવીએ ઓરડાની અંદર આમ તેમ સર્વ વસ્તુપર દૃષ્ટિ ફેંકી, અને જે જે ચળકતી વસ્તુઓ ત્યાં પડી હતી, તેનું અવલોકન કરી, રાજા કનકકાન્તને કહ્યું "તું કોઈ મહાન દ્રવ્યવંત પુરૂષ જણાયછે; તારા ઓરડામાં જેટલો ધનનો સંચય દેખું છું, તેટલો સંચય ભાગ્યેજ કોઈ સ્થળે દેખી શકાય." કનકકાન્તે ઘણાજ અસંતોષથી પ્રત્યુત્તર આપ્યો, "મારો સંચય તદ્દન સાધારણ છે, અને આ સર્વ એકઠું કરવામાં મેં મારી આખી

જીંદગી ગાળી છે. એ બાબત ધ્યાનમાં રાખીએ તો તે કાંઈ વિસાતમાં નથી. માનવીનું આયુષ્ય સોને બદલે હજાર વર્ષનું હોય, તો તે કાંઈક ધનવાન થઈ શકે ખરો !" દેવીએ પ્રશ્ન પૂછયો, "શું ત્યારે તને હજુ સંતોષ થયો નથી ?" કનકકાન્તે ઉત્તરમાં ડોકું ધુણાવ્યું. દેવીએ પૂછયું, "ત્યારે તને શાથી સંતોષ થશે વારૂ ? મને એ જાણવાનું કુતુહળ થયું છે." કનકકાન્ત કાંઈક વિચારમાં પડયો, અને મનમાં કાંઈક નિશ્ચય કરતો હોય એમ જણાયું. એકાએક તેને કંઇ સુંદર વિચાર સૂઝયો હોય એવી છાપ તેની મુખમુદ્રા ઉપર પડી; અને જે સુંદર તથા ચળકતી ધાતુ તેને ઘણી પ્રિય હતી, તેના જેવોજ એ વિચાર પણ સુંદર અને આકર્ષક હોય નહિ, એવો આનંદ તેના મુખપર છવાઈ રહ્યો.

મસ્તક ઉંચું કરી તે લક્ષ્મીદેવીના સામું જોઈ રહ્યો ત્યારે દેવીએ કહ્યું કે "તને સંતોષ થાય એવું તેં કંઈ શોધી કાઢયું હોય એમ જણાયછે, તો તને જે ઇચ્છા હોય તે મને કહે."

કનકકાન્તે ઉત્તર આપ્યો, "મને માત્ર આ એકજ ઇચ્છા છે. આટલી આટલી મહેનત કરીને એકઠો કરેલો દ્રવ્યનો ઢગલો હજુ માત્ર આટલોજ થયો છે તેથી હું

કંટાળી ગયો છું. માટે મને એવી ઇચ્છા થાય છે કે, હું જે જે વસ્તુને અડકું તે બધી સુવર્ણની થઈ જાય. આટલી સિદ્ધિથી મને સંતોષ થશે."

આ સાંભળીને લક્ષ્મીદેવીને કાંઈક હસવું આવ્યું. કોઈ અંધારી જગામાં પડેલાં સુકાં પાંદડાં ઉપર એકદમ સૂર્યનાં કિરણો પડે તો તે જેમ એકદમ ચળકી ઊઠે તેમ પાંદડાં જેવા સોનાના કકડાઓ દેવીના હાસ્યના પ્રકાશથી ચળકી ઊઠયા.

લક્ષ્મીદેવીએ કહ્યું, "મિત્ર કનકકાન્ત! તેં આવો સુંદર વિચાર શોધી કાઢયો તે માટે તને ધન્યવાદ ઘટે છે. તારે કનકસ્પર્શ જોઈએ છે ખરૂં? તારી ખાતરી છે કે આથી તને પૂર્ણ સંતોષ થશે?"

કનકકાન્તે કહ્યું "સંતોષ ન થવાનું શું કારણ છે?"

લક્ષ્મીદેવીએ પૂછ્યું, "પાછળથી કનકસ્પર્શની શક્તિ માટે તને પસ્તાવો તો નહિ થાય?"

કનકકાન્તે જવાબ આપ્યો, "શા કારણથી મારે પસ્તાવો કરવો પડે! સર્વાંશે સુખી થવાને માટે બીજું કશું હું માગતો નથી."

"જો તારી એવીજ ઇચ્છા છે તો આવતી કાલે સવારે તને કનકસ્પર્શની દિવ્ય શક્તિ મળશે. અસ્તુ". એટલું કહી લક્ષ્મીદેવી અદૃશ્ય થઈ ગયાં.

૫૬૬૩

પ્રકરણ-૩ જું.

વરદાન.

રાજા કનકકાન્ત રાત્રે સુતો ત્યાં સુધી તેના હર્ષનો પાર રહ્યો નહિ. ક્યારે સુવાનો વખત થાય? ક્યારે પાછી સવાર પડે? અને ક્યારે લક્ષ્મીદેવીના વરદાનની અજમાયશ કરી જોઉં? એ વિચારોમાં તે અરધા ગાંડા જેવો થઈ ગયો હતો "એ વરદાન ફળીભૂત થાય તો એકલી પોતાની માલકીની સર્વ વસ્તુઓ નહિ, પણ સાધારણ રીતે બીજા લોકો તુચ્છ ગણે એવી વસ્તુઓનો પણ સંગ્રહ કરી, પોતાને મળેલા વરદાનના પ્રતાપે સોનાની બનાવી દઈ, એ બધા સોનાના સંગ્રહ સામું તેના માલીક તરીકે જોઈ લેવું, એના જેવું સુખ કોઈએ સાંભળ્યું કે અનુભવ્યું નથીજ; કોઈ અનુભવતું નથી અને કોઈ ભાગ્યેજ એવો અનુભવ કરશે. જગતમાં ત્રણે કાળમાં મારા જેવો સુખી કોઇજ નહિ!! અહા!!! હું કેવો સુખી, કે આટલા બધા સોનાનો સ્વામી!!" એ વિચારે તે

રોજના કરતાં વહેલો સુતો, રોજના કરતાં મોડો ઉંઘ્યો, અને બીજે દિવસે રોજ કરતાં વહેલો ઊઠયો.

તે વખતે સૂર્યનું પહેલું રમણીય અને કોમળ કિરણુ બારીમાંથી તેના ઓરડામાં આવતું હતું; અને ઓરડાની છત ઉપર પરાવર્ત્તન પામી તેના ઉપર ડોકીઉં કરતું હોય એમ દેખાતું હતું. તેની પથારીની ધોળી ચાદર ઉપર તેનો જે પ્રકાશ પડતો હતો, તે કાંઇ ઓરજ દેખાતો હતો. જીજ્ઞાસા, આશા, ને હર્ષથી ઉભરાતા ને ઉછળતા હૃદય સાથે તેણે ચાદર ઉપર હાથ ફેરવ્યો તો જણાયું કે તે સુતરની ચાદર હવે સુતરની રહી ન હતી, પણ દેવીના વરદાનના બળે ચોકુખા અને ચળકતા સો ટચના નરમ સોનાના પાતળા તારની વણેલી બની ગઈ હતી. તરતજ તેણે જાણ્યું કે દેવીનું વરદાન ફળીભૂત થયું છે, અને અખુટ દ્રવ્યના સ્વામી થવાનું પોતાનું સ્વપ્ન ફળીભૂત થવાનો સમય હવે દૂર નથી.

હર્ષના આવેશમાં તે એકદમ ઊઠયો, અને ઓરડામાં જે કાંઈ હાથમાં આવે તેને અડકી, આમતેમ નાનાં બચ્ચાંની માફક દોડવા માંડયું.

ખાટલાનો એક પાયો પકડયો કે તે એકદમ સોનાનો થઈ ગયો. એક બારીએ નાંખેલો ઝીણો પડદો ખસેડવા ગયો તો કપડું ભારે થવા માંડયું, અને થોડી વારમાં તે પણ સોનાનું થઈ ગયું. ઝટ ઝટ તેણે કપડાં પહેર્યાં તો જોયું કે તે પણ સોનાનાં થઈ ગયાં; જોકે તેનો ભાર જરા વધારે લાગવા માંડયો, તો પણ તે જેવાંને તેવાં નરમ હતાં, એટલે આમતેમ હરવા ફરવામાં હરકત આવી નહિ. સુંદર સોનાના કપડામાં સજ્જ થએલો પોતે કેવો દેખાયછે, તે જોવાને તે એક આયના તરફ ગયો, અને ઘણીવાર સુધી તેમાં પડતું પોતાનું પ્રતિબિંબ ઘણા હર્ષથી અને ઘણા સંતોષથી તેમજ કંઈક અભિમાનથી જોઈ રહ્યો. પોતાને માટે પોતાની પુત્રી સુવર્ણસુતાએ ગુંથેલો રૂમાલ તેણે લીધો તો તે પણ સોનાનો થઈ ગયો. આ પ્રમાણે જે જે વસ્તુને તે અડકયો તે તે સર્વ વસ્તુ સોનાની થઈ ગઈ.

ભાગ્યના આવા અનુપમ ઉદયથી રાજા કનકકાન્ત મનમાં ઘણો ફુલાવા લાગ્યો. તે વિચારવા લાગ્યો, કે મારા ધનને માટે હવે આ વિશાળ મહેલ પણ સાંકડો પડશે તેથી તે નીચે ગયો. પણ દાદરે

ઉતરતાં દાદરના કઠેરા ઉપરથી જેમ જેમ તેનો હાથ નીચે સરતો ગયો, તેમ તેમ તેની પાછળનો ભાગ સોનાનો થતો ગયો. તે જોઈને તેના મોં ઉપર સંતોષનું હાસ્ય રમી રહેલું જણાયું. બારણાનો આગળો ઉઘાડયો, તે પણ ક્ષણમાં સોનાનો થઈ ગયો. પછી તે પોતાના બાગમાં ગયો. ત્યાં બાગની અંદર જાત જાતનાં ગુલાબોમાં કેટલાંક પુરાં ખીલેલાં અને કેટલાંક અર્ધાં ખીલેલાં હતાં. કેટલીક કળીઓ તો જાણે તેની સામું શરમાતી શરમાતી હસતી હોય એવો દેખાવ જણાતો હતો. પ્રાતઃકાળના પવનની મંદ લહેરીઓ તેમની સુંદર મધુર સુવાસ ખેંચી લાવતી હતી. કોઈ અજાણ્યા માણસને જોતાંવાર કોઈ નિર્દોષ બાળા એકદમ શરમાઈ જાય તે વખતે તેના મુખ ઉપર જેમ શરમની રેખાઓ છવાઈ રહે છે, તેમ આ ફૂલો ઉપર પણ લજ્જાની છાયા છવાઈ રહી હતી. અને એવી સ્થિતિમાં તેમનું સૌંદર્ય પણ કાંઈ ઓરજ લાગતું હતું.

પરંતુ કનકકાન્તના વિચાર પ્રમાણે તેમને હજુ પણ વધારે સુશોભિત બનાવી શકાય એમ હતું; અને તેમ કરવાનો તેણે વિચાર પણ કર્યો. ઘણી સંભાળથી એક પછી એક ગુલાબના કયારાઓમાં તે ફર્યો, અને જે

હજારો ગુલાબો ખીલી રહ્યાં હતાં તે સર્વને પોતાના જાદુઈ સ્પર્શથી તેમની વચમાં રહેતી ઝીણી રજકણો સહિત સોનાનાં બનાવી દીધાં. આ કામ પુરૂં થયું એટલામાં નાસ્તો કરવાનો વખત થયો. તેને ભૂખ પણ બહુ લાગી હતી, એટલે તે એકદમ પોતાના મહેલ તરફ વળ્યો.

તે વખતે રાજાઓ કઈ જાતનો ખોરાક લેતા હતા તેની મને ખબર નથી, તેમ એ બાબતની શોધખોળ કરવાનો મને અવકાશ પણ નથી. પણ હું ધારૂં છું, અને એમ ધારવાને મને સબળ કારણો પણ છે, કે ખાસ તે દિવસે સવારે તો નાસ્તામાં ઉની પુરીઓ, ગરમ મસાલાવાળું દૂધ, ઘીથી તળેલું સૂરણ વગેરે આપવામાં આવ્યું હતું. તેની છોકરીને માટે પણ આજ ખોરાક હતો. મારૂં ધારવું ખરૂં હોય કે ખોટું હોય પણ એક રાજાને નાસ્તામાં આવો ખોરાક આપવો એ કાંઈ તેની સ્થિતિને અયોગ્ય ગણાય નહિ.

પ્રકરણ-૪થું.

સુવર્ણનો નાસ્તો.

ગયા પ્રકરણમાં આપણે ગણાવેલી વસ્તુઓ રાજા કનકકાન્તને સારૂ લાવવામાં આવી હતી. અને નાસ્તો કરવાના ઓરડામાં બ્રાહ્મણે સર્વ વાતની તૈયારી રાખી હતી. રસોઈઓ બ્રાહ્મણ જેવો લાગતો હતો; કેમકે તેણે પરસેવા અને તેલથી પીધેલું પોતાની ચામડીના રંગમાં મળી જતું જનોઈ પહેરેલું હતું. તેનો વર્ણ કાળીચૌદસની કાળીરાત્રિ જેવો હતો. તે ઉપરથી આપણે એમ અનુમાન કરીએ, કે તે શ્રી કાલિકાદેવીનો ઉપાસક હતો તો કાંઈ ખોટું નથી. કેમકે આપણે જેની ઉપાસના કરીએ તેવા થઈએ એમ કહેવાય છે. નાના બાળકની નાની આંગળીના ટેરવા જેવા માટીના મકાનમાં પુરાએલો કીડો ભમરીનું અહર્નિશ ચિંત્વન કરવાથી ભમરી નથી થઈ જતો? તેના કપાળની હેઠે અને ચિનાઈ નાકની બે બાજુએ બે મોટી આંખો ચળકતી હતી. ચ્યવન ઋષિની પેઠે આ મહારાજ કદી વનમાં જઈ

તપશ્ચર્યા કરવા બેસે, અને ત્યાં ચ્યવન ઋષિની આંખોમાં કાંટો ભોંકનારી સુકન્યા જઈ ચઢે તો તે કાંટો ભોંકવાને બદલે મિયાંઉ-મિયાંઉ-કરી તેમની સમાધિનો ભંગ કરવા પ્રયત્ન કરે, અથવા તેમની આગળ ઉંદર છૂટો મૂકે. તેણે એક ટુંકા પનાની કાશ્મીરી ધાબળી પહેરી હતી. તે ધાબળીની કમર આગળની રાતી કોર પર મુસ્તાક થઈ તેમનું ગાગરીઉં પેટ નીચું વળી ડોકીઆં કરતું હતું હવે આ ભૂદેવનું વર્ણન ન કરતાં આપણે રાજા કુનકકાન્તની તરફ વળીએ.

અહીં સર્વ વસ્તુ તૈયાર હતી. તમે ધારશો કે બેસવાનો પાટલો તથા અન્નપાત્રો સર્વે સોનાનાં કે રૂપાનાં હશે. પણ તેમ ન હતું રાજા કુનકકાન્તને સુવર્ણ આટલું પ્રિય છતાં, કોણ જાણે શા કારણથી બેસવાનો પાટલો તથા થાળી મૂકવાના બાજઠ ઉંચા સુખડના લાકડાના બનાવેલા હતા, અને તેમાં હાથીદાંતની કારીગરી કરેલી હતી. દરરોજની વપરાશમાં સુવર્ણ ઘસ ઈ જાય એવી બીકથી તે સોનાના ન કરાવ્યા હોય તો તે સંભવિત છે. થાળી પણ સોનાની ન હતી.

સર્વ સામગ્રી તૈયાર હતી. સુવર્ણસુતાનો પાટલો પણ માંડેલો હતો. પણ હજુ તે આવી ન હતી. માટે

રાજા કનકકાન્તે તેને બોલાવવાનો હુકમ કર્યો. તેના દ્રવ્યલોભને આપણે ગમે તેટલો હસી કાઢીએ તોપણ આપણે એટલું તો ન્યાયની ખાતર કબુલ કરવુંજ જોઇએ કે તે પોતાની પુત્રીને ખરા અંતઃકરણથી ચહાતો હતો. અત્યારે એ પ્રેમ ઘણો વધી ગયો હતો, કેમકે તેને સુખી કરવાનું એક અમૂલ્ય સાધન પ્રાપ્ત થયું હતું.

તેણે આજ્ઞા કરી કે તરતજ તેનું પાલન કરવામાં આવ્યું, અને તરતજ સુવર્ણસુતાએ પ્રવેશ કર્યો. આજ તે હંમેશાના જેવા આનંદમાં ન હતી. તેણે પોતાના ચણીઆએ આંખ ઢાંકી હતી, અને ડુસકાં ભરતી હતી. જાણે તેનાપર કાંઈ મહાન આપત્તિ આવી પડી હોય નહિ ?

"કેમ બેટા રડવાનું શું કારણ છે ? આજના આ રમણીય અને આનંદદાયક દિવસે તને શું થયું છે ?" કનકકાન્તે પ્રશ્ન કર્યો.

સુવર્ણસુતાએ પોતાનું મોં ઉઘાડયા વિના એક હાથ કનકકાન્ત તરફ લાંબો કરી ધર્યો. એ હાથમાં તેની દિવ્ય શક્તિથી થોડી વારપરજ સુવર્ણનું બની ગએલું એક ગુલાબનું ફૂલ હતું.

"એમાં રડવા જેવું શું છે? કેવું સુંદર એ ફૂલ છે? આવું ફૂલ તો મેં કદી જોયુંજ નથી!" કનકકાન્તે પુત્રીનું સાંત્વન કરવાના હેતુથી નહિ, પરંતુ તે એમ માનતો હતો તેથી કહ્યું.

સુવર્ણસુતાને ડુસકાં માતાં નહતાં, તેથી ડુસકાં ખાતાં ખાતાં જેમ જેવું બોલાય તેમ તેવું બોલીને તેણે કહ્યું "એ સુદર નથી. આવું કદ્રુપું ફૂલ કદી ઉગ્યુંજ નહિ હોય. તમને ગુલાબનાં ફૂલ કેવાં ગમે છે તે હું જાણુંછું, તેથી કપડાં પહેર્યાં કે તરતજ હું બાગમાં તમારે માટે ફૂલ ચુંટવા ગઈ. પણ જુઓ તો ખરા કે આ શું થયું છે? અહા! કેવું દુર્ભાગ્ય! પહેલાં ગુલાબો કેવી સુંદર સુવાસ આપતાં હતાં; અને કેવાં લજ્જાળુ દેખાતાં હતાં? હવે બધાં બદલાઈ ગયાં છે, અને ફીકાં પડી ગયાં છે. આ તમે જુઓછો તેવાં બધાં પીળાં થઇ ગયાં છે. અને કાંઈ પણ સુવાસ આવતી નથી. એ શું થયું હશે?"

"મારી પ્રિય પુત્રી! રડ ના." કનકકાન્તે કહ્યું. એ ફેરફાર પોતાની શક્તિથી થયો હતો, એ વાત સ્વીકારતાં તેને શરમ લાગી. બહેન બેસ, અને

આ નાસ્તો લે. આવું હજારો વર્ષ લગી ચાલે એવું રમણીય ગુલાબ, એક ક્ષણમાં કરમાઇ જાય એવા ગુલાબ કરતાં શું સુંદર નથી ?

"આવા ગુલાબની હું બિલકુલ દરકાર કરતી નથી." સુવર્ણસુતાએ ઉત્તર આપ્યો; અને તિરસ્કારના આવેશમાં સુવર્ણ થઈ ગએલું ગુલાબ તેના પિતા તરફ ફેંક્યું. ફેંકતાં ફેંકતાં કહ્યું કે, એમાં સુગાસનું નામ પણ નથી અને તેની કઠણ પાંદડીઓ મારા નાકમાં ભોંકાય છે

પછી સુવર્ણસુતા પોતાના પાટલાપર નાસ્તો કરવા બેઠી; અને રાજા કનકકાન્તે દૂધનું પ્યાલું હાથમાં લીધું. પ્યાલું લેતાની સાથેજ તે સોનાનું થઈ જતાં તેને વિચાર સૂઝયો, કે આ કાંઈ ઓરજ જાતનો વૈભવ છે. પોતાના જેવા સાદાઈથી રહેનાર રાજાને સુવર્ણના પ્યાલામાં દૂધ પીવું એ વિચિત્ર લાગ્યું. વળી વિચાર સૂઝયો કે આ બધાં પાત્રો સુવર્ણનાં થશે, તે કેમ સચવાશે ? રસોડું અને ભંડારીઉં હવે એને મુકવાને કામ લાગશે નહિ ! આવા ને આવા વિચારમાં એક ચમચો ભરી દૂધ પીવા માંડયું. પરંતુ તે જેવો દૂધ પીવા જતો હતો કે તરતજ દૂધ તેના હોઠનો

સ્પર્શ થતાં સોનાનો રસ થઈ ગયું. અને પછી તેનો ગટ્ટો બાઝી ગયો. આથી વિસ્મય પામીને કનકકાન્તથી 'અરે'! એવી બૂમ પડાઈ ગઈ.

પછી તેણે એક નાની ફુલેલી પુરી લીધી. જેવો તે પુરીને અડકયો કે તરતજ તે સોનાની દડી જેવી થઈ ગઈ. દૂધતો પિવાયું હતુંજ નહિ, અને પુરી પણ નહિ ખવાય એવી ખાત્રી થઈ.

"અરે! આ કેમ ચાલે!" વિસ્મયમાં નિરાશ થઈ કનકકાન્ત બોલી ઊઠયો. બાળા સુવર્ણસુતા તો ચપચપ દૂધપુરી ઘણા સ્વાદથી ખાતી હતી.

પુત્રીને પોતાનો નાસ્તો ચપચપ ખાતી દેખી પોતાની સ્થિતિપર કનકકાન્તે વિચાર કર્યો અને મનમાં બોલ્યો, "અહો! નાસ્તાની આવી અમૂલ્ય અને અનુપમ સામગ્રી સમીપ છતાં એમાંનું કાંઈ ખાઈ શકાય નહિ! વિચિત્ર!!"

અરે! પ્રિય બાલકો, આવો દયાજનક પ્રસંગ તમે કદી જોયો છે? એક રાજાની આગળ નાસ્તામાં મૂકી શકાય એવો સૌથી ઉત્તમ અને મોંઘો ખોરાક તેની સંમુખ પડયો હતો પરંતુ

તેનાથી એક કણ જેટલો પણ ખવાનો નહતો. જેટલું તેનું મૂલ્ય હતું તેટલોજ તે નિરૂપયોગી હતો! સૂકો ટાઢો રોટલો અને છાશ ખાનાર ગરીબમાં ગરીબ મજુર પણ અત્યારે આ અડકે તેને સોનું કરી નાંખનાર રાજા કરતાં વધારે સુખી હતો. પણ આનું હવે કરવું કેમ? નાસ્તાના સમયે જો કનક-કાન્તને આટલી બધી ભૂખ લાગી હતી, તો પછી બપોરના જમવાને વખતે તે કેટલો ભૂખ્યો થઈ જશે? અને તે વખતે પણ તેની થાળીમાં ગમે તે ખોરાક મૂકયો હશે, પરંતુ તેને તેનો હાથ અડકતાંજ તે સોનાનો થઈ જવાનો એમાં કાંઈ શક ન હતો. આ પ્રમાણે ચાલ્યાં કરે તો બાલકો, કહો, કનકકાન્ત કયાં સુધી જીવી શકે? આ વિચાર આપણનેજ આવે છે, એમ નથી. રાજા કનકકાન્તને પણ આ વિચાર સૂઝયા હતા. ધીમે ધીમે ચોક્કસ રીતે તેની ખાત્રી થવા માંડી કે, ખરૂં જોતાં દુનીઆમાં દ્રવ્ય એકલુંજ અમૂલ્ય નથી એટલુંજ નહિ, પરંતુ અમૂલ્ય વસ્તુઓમાં સૌથી શ્રેષ્ઠ પણ નથી.

પ્રકરણ ૫-મું.

સોનાની પુત્રી.

કનકકાન્તની સ્થિતિ એવી કફોડી હતી, અને તેને ભૂખ પણ એટલી બધી હતી, કે તેનાથી રહેવાયું નહિ. પોતાની લાગણી દબાવી રખાઈ નહિ. "અરેરે ! !" કહી મોટેથી નિશ્વાસ મૂકયો. સુંદર બાલા સુવર્ણસુતા આ સર્વ જોયાં કરતી હતી. તેના વિસ્મયનો પાર તો હતોજ નહિ, પણ હવે પિતાને દુઃખી દેખી તેના દુઃખનો પાર રહ્યો નહિ. એક ક્ષણ તેના પિતાની ભણી દ્રષ્ટિ કરી જોઇ રહી; અને તેનું શું થાય છે, તેની કલ્પના કરવા લાગી. બીજી ક્ષણે તે સ્નેહના આવેશમાં એકદમ પિતાના ભણી દોડી ગઇ. અને તેને આશ્વાસન આપવાના હેતુથી અને તેની દિલગીરી દૂર કરવાના વિચારથી તેની કોટે વળગી પડી. કનકકાન્તે તેને એક સ્નેહ ભર્યું ચુંબન કર્યું. આ વખતે તેને ભાન થયું કે તેની પુત્રીનો પ્રેમ કનકસ્પર્શની દિવ્યશક્તિથી તે જેટલું ધન મેળવી શકે તેના કરતાં હજાર ઘણો મોંઘો હતો !

"મારી વહાલી પુત્રી ! બેટા સુવર્ણસુતા ! મારી મોંઘી સુવર્ણસુતા !" કનકકાન્તે પુત્રીને બોલાવી.

પણ પુત્રી શી ! ને વાત શી ! જવાબ મળ્યો નહિ. જવાબ મળે ક્યાંથી ? પુત્રી તો સુવર્ણની પુતળી થઇ ગઇ હતી ! ! તરતજ કનકકાન્તને પોતાની મુર્ખાઇનું ભાન થયું. અહા ! મેં શું કર્યું ! ! મને જે શક્તિ મળી છે, તે કેવી દુઃખદાયક છે ! ! મારી પુત્રીનો સ્નેહ ભર્યો મધુર ગુલાબી ચહેરો ક્યાં ! અને ક્યાં આ ઠરી ગયેલો સુંવાળો પીળો ચહેરો ! અહા ! તેના નરમ, કાળા કેશ ક્યાં ! અને ક્યાં આ સૂકા ઘાસની પૂળી જેવા પીળા કેશ ! તેનું નાજુક કોમળ શરીર ક્યાં ! અને ક્યાં આ જડ શરીર ! આ સોનાની જડ પુતળીને હું શું કરૂં ! ! દ્રવ્યના લોભમાં મેં આ શું કર્યું ! મારા દ્રવ્યલોભનો ભોગ મારી પ્રિય પુત્રી થઈ પડી ! ! હું કેવો બેવકુફ ! આ અને આવા જે અનેક વિચારો કનકકાન્તને આવ્યા અને દુઃખ દેતા ગયા, તે સર્વ તમને કહી બતાવી દિલગીર કરવા માગતો નથી. પણ આટલું તો કહેવુંજ જોઇએ, કે તેનાથી સુવર્ણસુતાને આઘી ખસેડાતી નહિ, તેમ તે તેની સામું જોઇ શકતો પણ નહિ. એ સુવર્ણની પુતળી થઇ ગઈ છે, તે તેનું અંતઃકરણ

માનવાને ના કહેતું હતું; પરંતુ એ પુતળી દૃષ્ટિ સમક્ષજ હતી, એટલે ના પણ કેમ મનાય ?

અહા ! તેના કોમળ મુખ પર આંસુ બાઝી રહ્યાં હતાં; અને તે પર દુઃખની, દયાની, સ્નેહની, એવી તો કોમળ છાયા છવાઈ રહી હતી કે એમ જણાતું કે હમણાં એ સર્વને લીધેજ તે સોનાની મટી પાછી હતી તેવી થઈ જશે. પણ અરે ! એ અશક્ય હતું. કુનકકાન્ત હાથ ઘસતો અને માથું કૂટતો રહયો, પણ તેના મનમાં એક ઇચ્છા ઘણા બળવાળી ઉત્પન્ન થઈ. તે ઇચ્છા એજ હતી, કે "આ શક્તિથી મળેલી અને ત્યાર પહેલાં સંચય કરેલી મારી સર્વ સમૃદ્ધિ ભલે તણાઈ જાઓ, અને ભલે હું આખા જગતમાં ગરીબમાં ગરીબ માણસ કરતાં વધારે ગરીબ થઈ જાઉં, પણ મારી પ્રિય પુત્રી પાછી સજીવન થાય, અને તેના ગાલપર ગુલાબી પ્રસરે." એવી તેણે પ્રાર્થના કરવા માંડી—અને તે પ્રાર્થના તેણે અંતઃકરણપૂર્વક કરી.

આ જગતના સૃજનાર, અને તેનું પાલન કરનાર, સર્વ મનુષ્યના મહાન અને પરમકૃપાળુ પિતાનો પોતાના સંતાન પર, એટલે કે આપણા સર્વપર અગાધ પ્રેમ છે. આપણે જેમ આપણાં માબાપને કાંઈ પ્રાર્થના

કરીએ તો તેઓ સ્વીકારે છે, અને આપણી ઇચ્છાઓ પુરી કરે છે, તેમજ આપણી ભૂલોને માટે માફી બક્ષે છે; તેમ આપણે, આપણા માતાપિતાના અને સર્વના મહાન પિતા પરમેશ્વર આગળ જયારે જયારે પોતાનાં પાપ કબુલ કરી ખરો પસ્તાવો જાહેર કરીએ છીએ, અને તેની ક્ષમા માગીએ છીએ, ત્યારે આપણી પ્રાર્થના તે હમેશાં સ્વીકારેછે; અને આપણું દુઃખ ટાળેછે. રાજા કનકકાન્તને ખરા અંતઃકરણથી પશ્ચાતાપ થતો હતો. તેણે એકચિત્ત અને ખરી ભક્તિથી પરમેશ્વરની પ્રાર્થના કરી, કે "હું ગમે તેટલો ગરીબ થઈ જાઉં, પણ મારી પ્રિય પુત્રી પાછી આપો."

તેની આ નમ્ર પ્રાર્થના પરમેશ્વરે પ્રેમથી સ્વીકારી, અને લક્ષ્મીદેવીને કનકકાન્તના દુઃખનું નિવારણ કરવા આજ્ઞા કરી તરત એ આજ્ઞા માથે ચઢાવી લક્ષ્મીદેવીએ કનકકાન્તને ફરી દર્શન દીધાં. આ વખતે તે ઘણા શોકમાં અને પશ્ચાતાપમાં ડુબી ગયો હતો, છતાં સુંદર વસ્ત્રોમાં સજ્જ થએલાં લક્ષ્મીદેવીને પોતાની સામે હેત ભર્યું સ્મિત કરતાં જોયાં કે તરતજ તે પરમભક્તિપૂર્વક તેમને ચરણે પડયો.

"ભક્ત કનકકાન્ત ઊઠ. તું કેમ આમ શોક કરેછે ? કનકસ્પર્શની શક્તિ તને ફળીભૂત ન થઈ કે શું ?" ગંભીર સ્વરે લક્ષ્મીદેવીએ કનકકાન્તને સ્નેહવચન કહ્યાં.

કનકકાન્તે તરત તો કાંઈ જવાબ આપ્યો નહિ, કેમકે તેના દુઃખના વિચારો તેના મનમાં ઘોળાયા કરતા હતા. પણ પાછળથી તેણે કહ્યું, "એ શક્તિ ઘણી દુઃખદાયક નીવડી."

"શું એ દુઃખદાયક નીવડી ? ખરેખર ? એનું કારણ શું ? કેમ મારા કહ્યા પ્રમાણે નથી થતું ? તું જે કાંઈ ઇચ્છતો તે તને મળ્યું નથી ?" દેવીએ કહ્યું.

"સુવર્ણમાંજ સુખની સમાપ્તિ નથી થતી; મેં મારૂં સર્વસ્વ ગુમાવ્યું છે. મારી એકની એક પુત્રીને હું દુનીઆમાં સર્વથી વધારે ચાહુંછું, તે હવે મારી રહી નથી." કનકકાન્તે જવાબ આપ્યો.

તેં ગઈ કાલ પછી એક શોધ કરી જણાય છે. તો હવે બોલ, સાદા પ્યાલામાં ભરેલું નિર્મળ પાણી વધારે સારૂં, કે કનકસ્પર્શ ?" દેવીએ પૂછ્યું.

"એ પાણી, એ પાણી, અરેરે ! મારી તરસ છિપાવનારૂં એ નિર્મળ પાણી !!" કનકકાન્તે જવાબ આપ્યો, એ પાણી હવે મારૂં ગળું કદી લીલું નહિ કરે ?

"રોટલીનો કટકો વધારે સારો, કે કનકસ્પર્શ ?" દેવીએ પ્રશ્ન કર્યો

"રોટલીનો એક કટકો આખી દુનીઆના સોનાથી વધારે મોંઘો છે." કનકકાન્ત બોલ્યો.

નાની, કોમળ, હેતાળ, મધુર સુવર્ણસુતા સારી કે કનકસ્પર્શ ?" દેવીએ કહ્યું

"મારી પુત્રી ! મારી પુત્રી ! વહાલી પુત્રી ! એના કોમળ ગાલનો મધુરો ગુલાબી રંગ, તેના મુખપરનો એક નાનો ગોળ તલ, હસતાં હસતાં તેના ગાલમાં પડતા ઝીણા ખાડા, અહાહા ! એ સર્વમાંથી એકને પણ, હું આખી પૃથ્વીને સોનાનો મોટો ઢગ બનાવી દેવાની શકિત કરતાં વધારે મૂલ્યવાન ગણુંછું." કનકકાન્ત બોલ્યો.

"પહેલાં કરતાં તું હવે ડાહ્યો થયો ખરો. તારૂં પોતાનું અંતઃકરણ એ કઠણ ધાતુનું બની ગયું નથી; હજુ તેમાં કોમળ લાગણીઓ વસેછે. તેમ જો ન હોત તો તારૂં દુઃખ ટળી શકત નહિ. કહે જોઇએ વારૂ, તું આ શક્તિથી ખરેખર કંટાળીજ ગયો છે?" દેવીએ કહ્યું.

"ખરેખર મને તેનાપર તિરસ્કાર છૂટેછે." કનકકાન્ત બોલ્યો.

આ ક્ષણે એક માખી ઉડતી ઉડતી આવી, અને જેવી તેના મુખ ઉપર બેઠી કે તરત સોનાની થઇ ગઇ, અને જમીનપર તેની સંમુખ પડી. કનકકાન્ત ચમકયો.

"જા, ત્યારે તારા બાગને પેલે છેડે જે નદી વહેછે, ત્યાં જઈને તેમાં સ્નાન કરીને એક ઘડામાં પાણી લઈ આવજે, અને પછી જે વસ્તુને પાછી મૂળ રૂપમાં લાવવી હોય, તેનાપર તે ઘડામાંનું પાણી છાંટજે, એટલે તે પાછી હતી તેવી થશે. ખરા અંતઃકરણપૂર્વક અને શુદ્ધશ્રદ્ધાથી જો તું એ પ્રમાણે કરશે, તો તારા લોભે કરેલો અનર્થ અને સંતાપ મટશે." દેવીએ કહ્યું.

કનકકાન્તે ભકિતભર્યું નમન કર્યું, અને આંખ ઉઘાડી, ત્યાર પહેલાં તો લક્ષ્મીદેવી અલોપ થઈગયાં હતાં.

પ્રકરણ-૬ ઠું.

કનકસ્પર્શનો ત્યાગ.

લક્ષ્મીદેવી અદૃશ્ય થયા પછી, રાજા કનકકાન્તે તરતજ એક માટીનો ઘડો લીધો; અને નદી તરફ ઝડપથી ચાલ્યો. પણ અરે! જેવો તેણે ઘડો લીધો કે તરતજ તે પાછો સોનાનો થઈ ગયો, તે જોઈ કનકકાન્ત ચમકયો, અને તેને પોતાની મુર્ખાઇનું ફરીથી દુઃખજનક ભાન થયું; અને તેથી તેણે દીર્ઘ નિશ્વાસ નાંખ્યો. ઝાડીઓમાંથી તે જેમ જેમ આગળ

વધતો ગયો, તેમ તેમ તે સર્વ સોનાની થતી ગઈ અને ત્યાં ખીલેલાં ભુરાં ફૂલો પણ પીળાં ચળકતાં સોનાનાં થઈ ગયાં. અને સૂર્યનાં કિરણોમાં ચળકતી તેની પાંખડીઓ, જાણે હજારો સૂર્યો પૃથ્વીના લોક બીએ નહિ માટે, નાનું રૂપ ધરીને રાજા કનકકાન્તની ફજેતી જોવાને પૃથ્વીપર ઉતરી પડયા હોય એવો ભાસ કરતી હતી.

નદીને કિનારે આવી પહોંચતાંજ તેણે પાણીમાં એકદમ ડુબકી મારી. તેની અધીરાઈ એટલી તો વધી ગઇ હતી, કે પગમાંથી પાવડીઓ કાઢવી પણ ભૂલી ગયો હતો. પાણીમાંથી બહાર આવી રાજાએ ફુ! ફુ! ફુ! અવાજ કર્યો અને બોલી ઉઠયા, "આ સ્નાન ઘણું શીતકર અને આહ્લાદક છે. અને મને લાગેછે કે કનકસ્પર્શ તદ્દન ધોવાઇ ગયો હશે, હવે ઘડામાં પાણી ભરી લઉં"

જેવો ઘડો પાણીમાં બોળ્યો કે તરત તે પાછો માટીનો થઈ ગયો. તેને બદલાએલો જોઈને રાજાના હર્ષનો પાર રહ્યો નહિ. પોતાના અંતઃકરણમાં પણ કાંઈક ફેરફાર થાયછે, એવું ભાન કનકકાન્તને થયું. તેની છાતીની અંદરથી કાંઈ ભાર બહાર નીકળી જતો હોય તેવું જણાયું. અને તેનું હૃદય હલકું પ્રફુલ્લ બનવા લાગ્યું. ખરેખર તે માનુષી મટીને

ધાતુનું બનવા માંડયું હતું, અને તેથી લાગણી હીન પણ બનતું હતું; તે હવે ફરીથી સુકોમલ લાગણીવાળું બનવા લાગ્યું. એક છોડ પર નાનું પુષ્પ કિનારા ઉપર ઉગ્યું હતું, તેને કનકકાન્તે સ્પર્શ કર્યો; છતાં તે બદલાયું નહિ, તે જોઈને તેને ઘણો આનંદ થયો. તેને ખાત્રી થઈ કે કનકસ્પર્શની દુઃખદાયક શકિત પોતાને છોડી ગઈ છે.

પછી પાણીનો ઘડો લઈ, પોતાના મહેલ તરફ ત્વરાથી ગયો. ત્યાં પહોંચ્યા પછી, પહેલું—સૌથી પહેલું–શું કર્યું હશે વારૂ ? ખોબેખોબા ભરીને ઘડા- માંનું પાણી તેણે પોતાની પ્રિય પુત્રી સુવર્ણસુતા ઉપર છાંટયું પાણી છાંટયું કે તરતજ સુવર્ણસુતાના ગાલપર પાછી ગુલાબી છવાઇ રહી. થોડી વારે સુવર્ણસુતાએ મૃગસમ આંખો ઉઘાડી જોયું તો પોતાનો ઝબ્ભો પાણીથી ભીંજાઇ ગએલો જોયો. હજુ પણ કનકકાન્ત તેનાપર પાણી છાંટતો હતો.

“પિતાજી પાણી ન છાંટશો; જુઓ મારો ઝબ્ભો કેવો ભીનો થઈ ગયોછે ? હજુ તો આજેજ એ પહેરવા કહાડયો છે.” સુવર્ણસુતાએ કહ્યું. એ બિચારીને કયાં ખબર હતી કે થોડી વાર તેના પિતાના સ્પર્શથી તે સોનાની પુતળી બની ગઈ હતી. પોતાના પિતાને તે ભેટી પડી ત્યાર પછી શું થયુ હતું તેની તેને ખબર ન હતી.

પોતે કેવો બેવકુફ અને મૂર્ખ બન્યો હતો, તે તરત પોતાની પુત્રીને કહેવાનું કનકકાન્તે યોગ્ય ધાર્યું નહિ; પરંતુ તેને ખુશ કરવા સારૂ, તેની સાથે બાગમાં ગયો. ત્યાં જઈ ગુલાબના છોડવાઓ ઉપર પાણી છાંટવા માંડયું. આથી કરીને હજારો ગુલાબો હતાં તેવાં થઈ ગયાં; અને જાણે તેની મુર્ખાઇનું ઉપહાસ કરતાં હોય, એમ તેની સામે હસતાં જણાયાં.

કનકકાન્તે તો પોતાનો દ્રવ્યલોભ અને મુર્ખાઈનો ઇતિહાસ સુવર્ણતાને કહ્યો નહિ. પણ સુવર્ણસુતા ચકોર, ચપળ એને બુદ્ધિમતી હતી. તેણે વાતમાં આ બનાવ બન્યા પછી કેટલાંક વર્ષે આ પ્રસંગ વિષે પૂછયું, ત્યારે પોતે કેવો લોભી હતો, એ લોભ કેવો વધી પડયો હતો, લક્ષ્મીદેવીએ કેવું વરદાન આપ્યું હતું, અને તેથી તે કેવો ખુશી થઈ ગયો હતો, અને પાછળથી કેવો પસ્તાયો હતો, વગેરે હકીકત અથ-ઇતિ કહી; અને અંતે શિખામણ આપી, કે "સુવર્ણસુતા! પ્રિયપુત્રી,! મારા દૃષ્ટાંત ઉપરથી તું શિખામણ લેજે, કે દ્રવ્યનો અતિ લોભ દુઃખનું મૂળ છે."

Published by:-Veerbalram Harisukhram Mehta,
S. T. C., F. T. S.
Balsahitya Prakash Mandir,
Near City Post Office, Baroda.

Printed by
Thakordas Mansing, at the "Jain Vijaya" Printing
Press, Near Chowta Bridge, Surat.

કેટલાંક પુસ્તકો.

	કિંમત
ગુજરાતી નિબંધો	૦-૧૨-૦
આંતર જીવન	૦- ૮-૦
મરણોત્તર જીવન	૦- ૪-૦
ગુરૂપ્રસાદ	૦- ૨-૦
અંગ્રેજી શિક્ષક	૦- ૬-૦

બાલ સાહિત્ય પ્રકાશ મંદિરમાંથી મળશે.

ખાસ બાળકોને માટે,

બાલવાર્તાવલિ.

૧	મહારાજા કનકકાન્ત (સચિત્ર)	રૂા.	૦-૧-૦
૨	જાદુઈ દીવો	,,	૦-૧-૦
૩	વેદીઆં ઢોર	,,	૦-૧-૦
૪	સત્યવચની વિકટર (સચિત્ર)	,,	૦-૧-૦

બધાને માટે પોસ્ટખર્ચ જૂદું સમજવું.

ઉપરનાં પુસ્તકો નીચેને ઠેકાણેથી મળી શકશે.

દયાશંકર ભાઈશંકર શુકલ,

ઠે. સોનીફળીઆ, સુરત.

અને

પ્રકાશક પાસેથી.